શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટીનું મુખપત્ર

# પરજિયા સોની સંદેશ



સર્વોનું... સુવર્ણ ગૌરવ

E-mail : sonisandesh1@gmail.com

વર્ષ : ૩૭ • અંક : ૭ • પાના : ૨૦ | તંત્રી : ભરત કે. સતિકુંવર | જુલાઈ – ૨૦૨૬ | મૂલ્ય : રૂા. ૧૨/–





॥ જય શ્રી રાંદલ મા ॥

**સ્વ. ઓધવજીભાઈ જેઠાભાઈ વાચા અને તેમના ધર્મપત્ની**
**સ્વ. જશોદાબેન ઓધવજીભાઈ વાચા (નાંદુરી)ના પુણ્ય સ્મરણાર્થે**




સ્વ. જશોદાબેન ઓધવજીભાઈ વાચા




સ્વ. ઓધવજીભાઈ જેઠાભાઈ વાચા

**'સોની સંદેશ' નિભાવ ફંડના મુખ્ય દાતા**



સ્વ. ગોરધનદાસ ઓધવજીભાઈ વાચા



સ્વ. મગનભાઈ ઓધવજીભાઈ વાચા

# ભાવભરી શ્રધ્ધાંજલિ



## ગં. સ્વ. પ્રભાબેન રતનશી વાયા (ઉ.વ. ૯૧)

**મૂળ જામખંભાળિયા (હાલ રાજકોટ)**

**સ્વર્ગવાસ : શનિવાર, તા. ૧૩-૦૬-૨૦૨૬**

(પતિ - સ્વ. રતનશી મંગલદાસ વાયા)

*આપની પવિત્ર સ્મૃતિ અમારા હૃદયમાં સદાય અવિસ્મરણીય રહેશે.*
*પરમાત્મા આપના દિવ્ય આત્માને ચિરશાંતિ અર્પે તેવી પ્રાર્થના.*

### શ્રદ્ધાસુમન...

નરોત્તમ રતનશી વાયા * દિલીપ રતનશી વાયા
બિપીન રતનશી વાયા * જીતેશ રતનશી વાયા
(રાણવાળા) વાયા પરિવારના જય શ્રીકૃષ્ણ

---

ગં. સ્વ. પ્રભાબેન રતનશી વાયાની ઉત્તરક્રિયા નિમિત્તે
શ્રી મુંબઈ ઉપનગર સહકારી સોસાયટીને

રૂા. ૧૧,૦૦૦/- એજ્યુકેશન ફંડ
રૂા. ૧૧,૦૦૦/- મેડિકલ સહાય ફંડ
રૂા. ૨,૧૨૪/- આર્થિક સહાય ફંડમાં દાન સ્વરૂપે અર્પણ કરેલ છે.

જે માણસ દ્રવ્યમાન થવાને ઉતાવળ કરે છે તેને શિક્ષા થયા વગર રહેશે નહિ


શ્રી મુંબઈ ઉપનગર
પરજિયા સહકારી સોસાયટી
(બોરીવલી)નું મુખપત્ર

**પરજિયા**
**સોની સંદેશ**

તંત્રી : ભરત કે. સતિકુંવર

❖

**પ્રકાશન સ્થળ**
**પરજિયા સોની સંદેશ**
શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ,
બોરીવલી (વે), મુંબઈ-૪૦૦ ૦૯૨.

❖

**મુખપત્રના માલિક**
**શ્રી મુંબઈ ઉપનગર**
**પરજિયા સહકારી સોસાયટી**
શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ,
બોરીવલી (વે), મુંબઈ-૯૨.
ફોન : 022-2898 3905
022-2899 9097
મો.: +91-93244 35547
+91-93248 35547
Email: sonisandesh1@gmail.com

❖

**મૂલ્ય : રૂા. ૧૨.૦૦**

❖

**મુદ્રણ સ્થાન**
**જીજ્ઞેશ પ્રિન્ટર્સ**
૧, રોહન રેસીડેન્સી, બાભઈ નાકા,
લોટસ હોસ્પિટલ સામે,
બોરીવલી (વે), મુંબઈ-૯૨.

**આજીવન લવાજમના દરો :**
ભારતમાં : રૂા. ૫૦૦/-
વિદેશમાં : રૂા. ૩૫૦૦/-
લવાજમ તેમજ જાહેરાતના ચેક **'શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી'** (Shree Mumbai Upnagar Parajiya Sahakari Society) ના નામે મોકલવા.


## આ અંકમાં વાંચશો...


- તંત્રી સ્થાનેથી....
- દાતાશ્રીઓના સહયોગથી મળી રહી છે નવી દિશા...
- છેલ્લો કૉલ
- મામેરું
- સુંદર વાસ્તુ
- મહાજન સેવા ટ્રસ્ટને આવેલ ભેટની યાદી
- ભેટની યાદી
- શ્રદ્ધાંજલિ





## પ્રતિજ્ઞા

સમાજનો દરેક માણસ સુશિક્ષિત, સંસ્કારી અને સુશીલ હોય,
સમાજનો દરેક માણસ સ્વાવલંબી અને સધ્ધર હોય,
સમાજનો દરેક માણસ એકબીજાને મદદ કરવા તત્પર હોય,
સમાજનો દરેક માણસ સુંદર વિચારોથી સમૃદ્ધ હોય,
એવા સમાજનું નિર્માણ કરવા અમો પ્રતિબધ્ધ છીએ.

– પરજિયા સોની સંદેશ


'સોની સંદેશ'માં પ્રગટ થતી કૃતિઓ વ્યક્ત થતાં મંતવ્યો કર્તાના પોતાના છે અને અંકમાં પ્રકાશિત થતી કોઈપણ માહિતી-લેખ સાથે પ્રકાશક, તંત્રી તથા સહતંત્રી સહમત છે તેમ માનવું નહીં.

# સોની વાડીના મુખ્ય દાતાશ્રીઓ

**★ એજ્યુકેશન ફંડ ★**

શ્રીમતી મધુબેન હરીભાઈ ધકાણ (દુબઈ)

**★ ગુણવંત વિદ્યાર્થી વાર્ષિક ફંડ (હાયર એજ્યુ.) ★**

શ્રી બાબુભાઈ શામળાદાસભાઈ ધાણક (સાવલી) મુંબઈ
શ્રી ભૂપેશભાઈ હરગોવિંદભાઈ (બાબુભાઈ) ધકાણ (જામકા–દુબઈ)

**★ આર્થિક સહાય ★**

સ્વ. રતિભાઈ કરશનદાસ ધકાણ (સરસઈ), દુબઈ

**★ કાયમી દાતા ★**

શ્રી અનિલભાઈ વ્રજલાલભાઈ ધાણક (બગસરા)

**★ સમૂહ લગ્ન ★**

સ્વ. બાબુભાઈ લક્ષ્મણભાઈ ચોક્સી (જેતપુર), બેહરીન

**★ વિકલાંગ સહાય ફંડ ★**

સ્વ. મગનભાઈ લાખાભાઈ ધોરડા (બગસરા), મુંબઈ

**★ નેત્રબિંદુ સહાય ફંડ ★**

સ્વ. મગનલાલ કાનજીભાઈ જીણાદ્રા (રાજુલા), મુંબઈ

**★ મેડીકલ સહાય ફંડ ★**

સ્વ. માધવજીભાઈ પ્રભુદાસભાઈ ધકાણ (ગઢડા), મુંબઈ
સ્વ. શાંતાબેન માધવજીભાઈ ધકાણ પરિવાર

**★ સોની સંદેશ નિભાવ ફંડ ★**

સ્વ. ઓધવજીભાઈ જેઠાભાઈ વાચા (નાંદુરી), નૈરોબી
સ્વ. જશોદાબેન ઓધવજીભાઈ વાચા


**★ સોની સંદેશ નિભાવ ફંડ સહયોગી દાતા ★**

સ્વ. બાબુભાઈ ધુસાભાઈ ધકાણ (જામકા), દુબઈ
સ્વ. ધનકુંવરબેન બાબુભાઈ ધકાણ

**★ આકસ્મીક સહાય ફંડ ★**

સ્વ. રતીલાલ દેવરાજભાઈ થડેશ્વર (મોટા દેવળીયા)
ગં. સ્વ. ભાનુબેન રતીલાલ થડેશ્વર

*તંત્રી સ્થાનેથી....*✍



## શિક્ષણ સમારોહ માત્ર સન્માન નહીં, સમાજ સાથે જોડવાનો સંસ્કાર...

શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી દ્વારા ટૂંક સમયમાં યોજનારો શિક્ષણ સમારોહ માત્ર વિદ્યાર્થીઓના સન્માનનો કાર્યક્રમ નથી, પરંતુ સમાજના ઉજ્જવળ ભવિષ્યના નિર્માણ માટેનું એક મહત્વપૂર્ણ સંસ્કારયજ્ઞ છે. શિક્ષણમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવાનો આ કાર્યક્રમ જેટલો જરૂરી છે, એટલો જ જરૂરી છે નવી પેઢીને પોતાના સમાજ સાથે પરિચિત કરવાનો અને સમાજ પ્રત્યેની જવાબદારીનો ભાવ જગાડવાનો. આજના વ્યસ્ત જીવનમાં બાળકોનો મોટાભાગનો સમય અભ્યાસ, કારકિર્દી અને ટેક્નોલોજી વચ્ચે પસાર થાય છે. ઘણી વખત તેઓ પોતાના સમાજની પ્રવૃત્તિઓથી અજાણ રહે છે. શિક્ષણ સમારોહ જેવા કાર્યક્રમો તેમને સમજાવે છે કે સમાજ માત્ર એક ઓળખ નથી, પરંતુ એક એવું પરિવાર છે જે દરેક વ્યક્તિના વિકાસમાં ભાગીદાર બને છે.

દરેક વિદ્યાર્થી માટે મંચ પર જઈ પોતાના હાથે સન્માન સ્વીકારવું એ ગૌરવની ક્ષણ હોય છે. એ ક્ષણ તેની મહેનત, પરિશ્રમ અને સિદ્ધિની જાહેર કદર હોય છે. તેથી દરેક વાલીઓને વિનંતી છે કે શક્ય હોય ત્યાં સુધી પોતાના દીકરા-દીકરીઓને જાતે હાજર રહેવા પ્રોત્સાહિત કરે અને તેમનું સન્માન તેઓ જ સ્વીકારે એવો આગ્રહ રાખે. અનિવાર્ય સંજોગોમાં વિદ્યાર્થી હાજર ન રહી શકે તે સમજાય તેવી બાબત છે, પરંતુ માત્ર સુવિધા માટે વાલી પોતે મંચ પર જઈ સન્માન સ્વીકારે, તો વિદ્યાર્થીને મળવાનો જે આનંદ, આત્મવિશ્વાસ અને પ્રેરણા છે તે અધૂરી રહી જાય છે.

મંચ પર સ્થાન મેળવવાનું સ્વપ્ન દરેક બાળક જુએ છે. જ્યારે પોતાના નામની જાહેરાત થાય, તાળીઓના ગડગડાટ વચ્ચે તે મંચ પર પહોંચે અને પોતાનું સન્માન સ્વીકારે, ત્યારે તેના મનમાં જે ગૌરવની લાગણી જન્મે છે તે જીવનભર યાદ રહે છે. આ અનુભવ તેને વધુ મહેનત કરવા અને આગળ વધવા માટે પ્રેરિત કરે છે. વાલી તરીકે સંતાનને આ અમૂલ્ય ક્ષણથી વંચિત રાખવી યોગ્ય નથી. આવા કાર્યક્રમોનો બીજો મહત્વનો હેતુ યુવા પેઢીમાં સમાજસેવાની ભાવના વિકસાવવાનો પણ છે. સમાજના કાર્યક્રમોમાં હાજરી આપવાથી યુવાનોને સમાજના કાર્ય, દાતાશ્રીઓના યોગદાન અને સંગઠનની શક્તિનો પરિચય મળે છે. આવતીકાલે આ જ યુવાનો સમાજના નેતૃત્વની જવાબદારી સંભાળશે. તેના માટે આજે તેમને સમાજ સાથે જોડવાનું જરૂરી છે.

વર્ષના ૩૬૫ દિવસમાંથી થોડા કલાક સમાજ માટે ફાળવવા કોઈ મોટી બાબત નથી. આ સમય માત્ર કાર્યક્રમમાં હાજરી આપવા માટે નહીં, પરંતુ પોતાના સંતાનોમાં સંસ્કાર, આત્મવિશ્વાસ અને સમાજ પ્રત્યેની લાગણીનું બીજ વાવવા માટે છે. શિક્ષણ સમારોહને માત્ર ઇનામ વિતરણનો કાર્યક્રમ ન ગણીએ, પરંતુ સમાજના ભવિષ્યને ઘડતો એક ઉત્સવ માનીએ. દરેક વિદ્યાર્થી પોતાના હાથે પોતાનું સન્માન સ્વીકારે, દરેક વાલી તેને પ્રોત્સાહિત કરે અને દરેક પરિવાર સમાજ સાથે જોડાય-એ જ આ કાર્યક્રમની સાચી સફળતા ગણાશે. સમાજનું ભવિષ્ય માત્ર શિક્ષિત યુવાનોમાં નહીં, પરંતુ સમાજ સાથે જોડાયેલા અને જવાબદાર યુવાનોમાં વસેલું છે.

**– ભરત કે. સતિકુંવર**

# શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી દ્વારા આયોજીત સમાજ ઉપયોગી આયોજનોને દાતાશ્રીઓના સહયોગથી મળી રહી છે નવી દિશા

**શિક્ષણ સમારોહ : સમાજના ઉજ્જવળ ભવિષ્યનો પાયો :** શિક્ષણ એ સમાજના વિકાસનો સૌથી મજબૂત આધાર છે. શિક્ષિત સમાજ જ પ્રગતિના નવા શિખરો સર કરી શકે છે. આ વિચારને સાકાર કરવા માટે શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી દ્વારા' શ્રીમતી મધુબેન હરિભાઈ ધકાણ તેજસ્વિતા સન્માન સમારોહનું આયોજન કરવામાં આવે છે. આ સમારોહ માત્ર વિદ્યાર્થીઓને સન્માનિત કરવાનો કાર્યક્રમ નથી પરંતુ તેમની પ્રતિભાને બિરદાવવાનો અને અન્ય વિદ્યાર્થીઓને વધુ મહેનત કરવા પ્રેરિત કરવાનો એક સુંદર પ્રયાસ છે. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા પાછળ સમાજના મહામૂલા દાતાશ્રીઓનો અમૂલ્ય સહયોગ રહેલો છે. **શ્રી બાબુભાઈ શામલદાસ ધાણક દ્વારા શ્રી પ્રકાશભાઈ બાબુભાઈ ધાણક અને શ્રીમતી શ્વેતાબેન પ્રકાશભાઈ ધાણક**ના શુભ હસ્તે ઇનામ સ્વરૂપે લેપટોપ આપવામાં આવે છે. તે જ પ્રમાણે **શ્રી રાજેશભાઈ મનુભાઈ ધાણક દ્વારા શ્રી જીગરભાઈ રાજેશભાઈ ધાણક** તથા **શ્રી કેતનભાઈ રાજેશભાઈ ધાણક**ના શુભ હસ્તે બેગ ઇનામ રૂપે આપવામાં આવે છે. દાતા **શ્રી બાબુભાઈ લલ્લુભાઈ સતીકુંવર, શ્રી બાબુભાઈ શામળદાસ ધાણક અને સ્વ શ્રી બાબુભાઈ ઘૂસાભાઈ ધકાણ** તરફથી ફી માટે આવતા દરેક વિદ્યાર્થીઓને એક ડઝન નોટબુક આપવામાં આવે છે.

દાતાશ્રીઓના ઉદાર સહયોગથી વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય, પ્રોત્સાહક ઇનામો અને સન્માન આપવામાં આવે છે. શિક્ષણ સમારોહ વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધારે છે, માતા-પિતાને ગૌરવની લાગણી અપાવે છે અને સમગ્ર સમાજમાં શિક્ષણનું મહત્વ વધુ મજબૂત બનાવે છે. શિક્ષણ ક્ષેત્રે કરાયેલું દાન આવનારી પેઢીના ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરે છે. તેથી સમાજના દરેક સભ્યએ પોતાની શક્તિ મુજબ આ કાર્યમાં સહયોગ આપવો જોઈએ.

**સમૂહ લગ્ન-સાદગી, સંસ્કાર અને સમાજસેવાનું શ્રેષ્ઠ આયોજન :** સમૂહ લગ્ન એ માત્ર લગ્નવિધિ નથી, પરંતુ સમાજમાં એકતા, સાદગી અને સહકારનો ઉત્સવ છે. શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી દ્વારા **શ્રી બાબુભાઈ લક્ષ્મણભાઈ ચોકસી** સમૂહ લગ્નના આયોજનથી અનેક પરિવારોને આર્થિક રાહત મળે છે અને નવદંપતિઓ આશીર્વાદ સાથે નવા જીવનની શરૂઆત કરે છે.

આ ભવ્ય આયોજનને સફળ બનાવવામાં **દાતાશ્રી બાબુભાઈ શામળદાસ ધાણક, શ્રી અનિલભાઈ વ્રજલાલભાઈ ધાણક, શ્રી બાબુભાઈ ઘુસાભાઈ ધકાણ, શ્રી યોગેશભાઈ અમૃતલાલ સાગર, શ્રી પારસભાઈ દામોદરભાઈ સુરુ, શ્રી બાબુભાઈ લલ્લુભાઈ સતીકુંવર, શ્રી મનસુખભાઈ રામજીભાઈ ઝવેરી, શ્રી મગનભાઇ લાખાભાઇ ધોરડા, શ્રી ધર્મેશભાઈ હિંમતલાલ સતીકુંવર, શ્રી યોગેશભાઈ અમૃતલાલ સાગર** તથા અન્ય દાતાશ્રીઓના યોગદાનથી સમૂહ લગ્નનું આયોજન સફળતાપૂર્વક સંપન્ન થાય છે. તેમના સહયોગથી નવદંપતિઓને જરૂરી ઘરવખરી, આશીર્વાદરૂપ ભેટો અને અન્ય ઉપયોગી વસ્તુઓ અર્પણ કરવામાં આવે છે.

સમૂહ લગ્ન સમાજને સાદગીથી લગ્ન કરવાની પ્રેરણા આપે છે, અનાવશ્યક ખર્ચ ઘટાડવાનો સંદેશ આપે છે અને સામાજિક એકતાને વધુ મજબૂત બનાવે છે. આવા સેવાકીય કાર્યોમાં દાતાશ્રીઓનું યોગદાન સમાજ માટે હંમેશા પ્રેરણાદાયક રહેશે. **''કેટલું દાન આપ્યું તે મહત્વનું નથી, પરંતુ સમાજના હિત માટે આપેલી ભાવના સૌથી મોટી છે.''**

શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી
- પ્રમુખશ્રી ચેતનભાઈ આર. ઝવેરી
પદાધિકારીઓ અને સદસ્યો

# છેલ્લો કોલ

મુંબઈની એક આલીશાન ઓફિસમાં સમીર પોતાની જિંદગીની સૌથી મોટી ડીલ ફાઈનલ કરી રહ્યો હતો. બોર્ડરૂમમાં પિન ડ્રોપ સાઈલન્સ હતું, ત્યાં જ અચાનક તેના મોબાઈલની સ્ક્રીન ઝબૂકી ઉઠી! સ્ક્રીન પર ''મા'' લખેલું વાંચીને તેણે તરત જ કોલ કાપી નાખ્યો અને ફરીથી મીટિંગમાં ધ્યાન આપવા લાગ્યો. પણ થોડી જ વારમાં ફરીથી ફોન રણક્યો, એટલે સમીરે કંટાળીને પોતાનો ફોન સાયલન્ટ કરી દીધો! ''માને પણ જરાય ભાન નથી પડતું, ખબર છે કે હું ઓફિસે હોઉં તો પણ વારંવાર ફોન કરે છે!'' મનોમન આવો બબડાટ કરતા સમીરે સતત પાંચ વખત આવેલા એ કોલને નિર્દયતાથી રિજેક્ટ કરી દીધા.



છેવટે મીટિંગ પૂરી થઈ અને એ લાખો રૂપિયાનો કોન્ટ્રાક્ટ સમીરની કંપનીના નામે થઈ ગયો! સેલિબ્રેશન અને પાર્ટીમાં વ્યસ્ત સમીરને રાતના અગિયાર વાગ્યે અચાનક પોતાની માના મિસ્ડ કોલ યાદ આવ્યા. ગાડીમાં બેસતા જ તેણે તરત જ માનો નંબર ડાયલ કર્યો અને ફોન કાન પર લગાવ્યો. સામે છેડેથી ફોન તો રિસીવ થયો, પણ અવાજ માનો નહીં, પરંતુ કોઈ અજાણી વ્યક્તિનો હતો! ''હેલો, હું સિટી હોસ્પિટલમાંથી ડોક્ટર શર્મા બોલું છું, શું તમે નિર્મળાબેનના દીકરા સમીર છો?'' આ શબ્દો સાંભળતા જ સમીરના હાથમાંથી જાણે સ્ટીયરીંગ છૂટી ગયું અને તેના શ્વાસ અદ્ધર થઈ ગયા! સમીરે ધ્રૂજતા અવાજે પૂછ્યું, ''હા ડોક્ટર, પણ મારી મા... મારી મા ત્યાં શું કરે છે? એ ઠીક તો છે ને?'' સામે છેડેથી એક ભારે અને ગમગીન અવાજ આવ્યો જેણે સમીરની આખી દુનિયા ઉજાડી નાખી! ''આઈ એમ સોરી સમીર! તમારી માતાને સાંજે સિવિયર હાર્ટ એટેક આવ્યો હતો અને અમે તેમને બચાવી ન શક્યા.'' આ સાંભળીને સમીરના પગ નીચેથી જાણે જમીન સરકી ગઈ અને એની આંખમાંથી આંસુની ધાર છૂટી ગઈ! ડોક્ટરે નિસાસો નાખતા આગળ કહ્યું, ''અંતિમ શ્વાસ લેતા પહેલા તેઓ સતત તમને જ ફોન લગાવી રહ્યા હતા! તેમની છેલ્લી ઈચ્છા માત્ર તમારો અવાજ સાંભળવાની હતી, પણ કદાચ તમે બહુ વ્યસ્ત હતા.'' ફોન હાથમાંથી નીચે પડી ગયો અને સમીર બંધ ગાડીમાં જ ધ્રુસકે ને ધ્રુસકે રડી પડ્યો. કરોડો રૂપિયાની ડીલ પાસ કરાવનારો આ સફળ બિઝનેસમેન, આજે પોતાની જિંદગીની સૌથી મોટી બાજી હારી ગયો હતો!

જે માએ પોતાના શ્વાસ આપીને તેને મોટો કર્યો હતો, એ માના અંતિમ શ્વાસ વખતે તે બે શબ્દો પણ ન બોલી શક્યો! આખી જિંદગી હવે આ સૌથી મોટો અફસોસ તેની છાતી પર પથ્થર બનીને રહેવાનો હતો.

મિત્રો..આપણે સફળતા પાછળ એટલા આંધળા થઈ જઈએ છીએ કે આપણા પોતાના જ ક્યાંક પાછળ છૂટી જાય છે! યાદ રાખજો, સંપત્તિ તો ફરી કમાઈ શકાશે, પણ માતા-પિતા ક્યારેય પાછા નહીં આવે!

**–'હરેકૃષ્ણ'**

**(મો.: ૭૮૭૮૨૨૨૨૧૮)**

# મામેરું

કંકોત્રીમાં મામાનું નામ ક્યાંય નહોતું. મંડપમાં એમની ખુરશી છેલ્લી હરોળમાં હતી. ને એમનું મામેરું જોઈને આખો મંડપ ખડખડાટ હસ્યો.

મંડપમાં ખુરશીઓ સંબંધથી નહીં, વટથી ગોઠવાય છે. જેની પાસે પૈસો હોય એ આગળ બેસે, ને જે ઘસાઈને ખાલી થઈ ગયો હોય એ પાછળ.

મીરાંના પપ્પા ગુજરી ગયા ત્યારે એ દસ વર્ષની હતી. નાનો ભાઈ પાંચનો.

તેરમા દિવસે જ હસમુખકાકા કાગળ લઈને આવ્યા. ભાગ પડ્યા. દુકાન એમની. ને નીરૂબહેનના ભાગે એક ઓરડો ને બે છોકરાં.

''શું કરીએ ભાભી, અમારે પણ ઘર ચલાવવાનું છે.'' એટલું કહીને કાકા ચાલ્યા ગયા.

નીરૂબહેનનો ભાઈ, જીવણમામા, દરજી હતા. બીજા ગામમાં નાની દુકાન હતી, ત્યારે એમની ઉંમર બાવીસ. ઘરમાં માગાં આવતાં. એ દર વખતે હસીને ટાળી દેતા, ''ઘરમાં પહેલેથી બે છોકરાં છે. હમણાં નહીં.''

એ ''હમણાં'' ક્યારેય આવ્યું નહીં.

પછીનાં પંદર વર્ષ એ સંચા પર બેઠા. દિવસે ગામનાં કપડાં, ને રાત્રે પણ ગામનાં જ કપડાં. મીરાંનું દફ્તર, ફી, ચોપડાં, ગણવેશ. નાના ભાઈની ટ્યુશન. નીરૂબહેનની દવા.

મીરાં કોલેજમાં ગઈ ત્યારે જીવણમામાએ ઘર વેચીને પોતાની દુકાનમાં જ સૂવાનું શરૂ કર્યું. મીરાંને એની ખબર વર્ષો પછી પડી.

પછી મીરાંનાં લગ્ન નક્કી થયાં. ને પંદર વર્ષે હસમુખકાકા પાછા આવ્યા.

હવે એ મોટા નેતા થઈ ગયા હતા. સમાજમાં બતાવવાનું હતું એટલે એમણે જાહેર કરી દીધું, ''ભાઈની દીકરી છે. લગ્ન અમે કરીશું. સમાજમાં આપણું નામ છે.''

મંડપ મોટો બંધાયો. કંકોત્રી છપાઈ. કન્યાદાન કરનાર તરીકે હસમુખકાકાનું નામ. જીવણમામાનું નામ ક્યાંય નહીં.

મીરાંએ કંકોત્રી હાથમાં લીધી ને ચૂપ રહી. નીરૂબહેને ધીમેથી કહ્યું, ''એ કુટુંબનાં છે, દીકરી. સમાજ એમને જ ગણશે.'' મામેરાનો સમય આવ્યો.

જીવણમામા ધીમા પગલે આગળ આવ્યા. હાથમાં કપડામાં વીંટેલું નાનું પોટલું. અંદર એક સાડી, શ્રીફળ, ને એકાવન રૂપિયા.

હસમુખકાકાએ પોટલું ઊંચું કરીને આખા મંડપને બતાવ્યું, ''આ મામેરું? એકાવન રૂપિયા? ભાઈ, દરજીના માપમાં બધું ટૂંકું જ આવે!'' મંડપ ખડખડાટ હસ્યો.

જીવણમામાએ કંઈ ના કહ્યું. હાથ જોડ્યા, ને ચૂપચાપ છેલ્લી હરોળની પોતાની ખુરશીમાં જઈને બેસી ગયા.

મીરાં ચોરીમાં બેઠી હતી. એણે મામા સામે જોયું.

એ જ સ્મિત. એ જ જોડેલા હાથ. પંદર વર્ષથી એણે મામાને આ જ કરતાં જોયા હતા. કોલેજની ઑફિસમાં ફી મોડી પડી ને ક્લાર્કે ધુત્કાર્યા, ત્યારે પણ. હાથ જોડીને હસી લેવાનું, ને કંઈ ના બોલવાનું.

એ ક્ષણે મીરાંની આંખ સામે પંદર વર્ષ પસાર થઈ ગયાં. રાત્રે સંચાનો અવાજ. દુકાનમાં પાથરેલી ગોદડી. ને એક વાક્ય ''ઘરમાં પહેલેથી બે છોકરાં છે.''

મીરાં ઊભી થઈ.

''કાકા, તમે મામેરું ગણ્યું. હું તમને હિસાબ આપું?'' આખો મંડપ શાંત થઈ ગયો.

''પપ્પા ગયા ત્યારે હું દસ વર્ષની હતી. તેરમા દિવસે તમે કાગળ લઈને આવ્યા હતા. મને યાદ છે, કાકા.''''એ પછી પંદર વર્ષ સુધી તમે અમારા ઓરડાનું બારણું ખખડાવ્યું નથી. મારી ફી ભરવા નહીં, મારી માની દવા માટે નહીં, ને એક વાર ખબર

પૂછવા પણ નહીં.''

''ને આજે તમે કન્યાદાન કરવા આવ્યા છો. કારણ કે સમાજમાં તમારું નામ છે.''

મીરાંએ પોટલા સામે આંગળી કરી.

''તમે પૂછો છો કે મામેરું આટલું નાનું કેમ? કારણ કે મામેરું આજે નથી આવ્યું, કાકા. એ પંદર વર્ષથી આવતું હતું.''

''દર જૂને નવું દફ્તર. દર વર્ષે ફી. દર રાત્રે સંચાનો અવાજ. મારી માની દવા. મારા ભાઈની ટ્યુશન. હું કોલેજમાં ગઈ ત્યારે એ ઘર વેચીને પોતાની દુકાનમાં સૂવા લાગ્યા, મારી ને મારા ભાઈની ફી ભરાય એટલે.''

''ને એમણે લગ્ન કેમ ના કર્યાં, ખબર છે? એ કહેતા, 'ઘરમાં પહેલેથી બે છોકરાં છે.'''

''કાકા, એ છોકરાં અમે હતાં.''

મીરાંનો અવાજ ધ્રૂજ્યો, પણ અટક્યો નહીં.

''મામા ગરીબ નથી. ખાલી થઈ ગયા છે. ને એ ખાલી થયા છે એટલે હું આજે આ મંડપમાં ઊભી છું.''

''આ એકાવન રૂપિયા મામેરું નથી, કાકા. છેલ્લો હપ્તો છે.'' મીરાં ચોરીમાંથી ઊતરી. આખા મંડપ વચ્ચેથી ચાલીને છેલ્લી હરોળ સુધી ગઈ. ને જીવણમામાનો હાથ પકડ્યો. ''મામા, ચાલો.'' ''ક્યાં દીકરી?''

''આગળ. જ્યાં તમારે પંદર વર્ષ પહેલાં બેસવું જોઈતું હતું.''

જીવણમામાના પગ ના ઊપડ્યા. ''ના દીકરી હું તો ફક્ત મામા છું. લોકો શું કહેશે?''

''કહેવા દો. તમે મારા માટે ફક્ત મામા ક્યારેય નહોતા.''

હસમુખકાકાના હાથમાં કન્યાદાનની થાળી હતી. મીરાં એમની સામે જઈને ઊભી રહી. કંઈ કહ્યું નહીં. બસ જોતી રહી.

થાળી ધ્રૂજી. કાકા કંઈ બોલવા ગયા, પણ શબ્દ ના નીકળ્યા. પહેલી વાર આખા મંડપમાં એમની સાથે કોઈ હસતું નહોતું.

એમણે થાળી નીચે મૂકી દીધી. ને ધીમા પગલે ચાલીને છેલ્લી હરોળમાં જઈને બેસી ગયા. એ જ ખુરશીમાં, જે હમણાં જ જીવણમામાએ ખાલી કરી હતી. જીવણમામા બાપની જગ્યાએ બેઠા. હાથ જોડ્યા. ને એમનું ડૂસકું આખા મંડપે સાંભળ્યું.

મીરાંએ ધીમેથી પૂછ્યું, ''મામા, હાથ કેમ ધ્રૂજે છે?'' જીવણમામા રડતાં રડતાં હસ્યા, ''વર્ષોથી સોયમાં દોરો પરોવું છું, દીકરી. હાથ કદી નથી ધ્રૂજ્યા. આજે ધ્રૂજે છે.''

ખૂણામાં ઊભેલાં નીરૂબહેન ધ્રુસકે રડી પડ્યાં. પંદર વર્ષે પહેલી વાર એમના ભાઈને એમનું નામ મળ્યું હતું. લોહી સંબંધનું નામ આપે છે. ભોગ એને હક આપે છે. જે માણસ ખાલી થઈને કોઈને ઉછેરે છે, એ માણસ મટીને ક્યારે બાપ થઈ જાય છે, એની એને પોતાને પણ ખબર નથી પડતી. દરેકના જીવનમાં આવુ એકાદ માણસ કોઈક રૂપે ક્યારેક તો આવતુ જ હોય છે.

**– ધારક દલાલ**


**શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી**

**દ્વારા આયોજિત**

**શ્રીમતી મધુબેન હરિભાઈ ધકાણ '૩૭મો તેજસ્વિતા સન્માન સમારોહ'**

**રવિવાર, તા.૨૭–૦૯–૨૦૨૬ * સમય : બપોરે ૩:૦૦ કલાક થી**




**સ્થળ : સોની બેન્કવેટ હોલ – બોરીવલી (વેસ્ટ)**



**નોંધ : ફોર્મ ભરવાની છેલ્લી તા. ૧૦-૦૯-૨૦૨૬**

# <u>સુંદર વાસ્તુ</u>



## ૧) ઘરની અનુકૂળતા મુજબ દીશા અને સ્થાન

૧) ઈશાન ખૂણો : મંદીર, પૂજા રૂમ, કૂવો, ભોંયતળીયાની પાણીની ટાંકી, મુખ્ય દરવાજો, ખાલી સ્થાન, ફૂવારો, નાના છોકરાનો સુવાનો ઓરડો.

૨) **પૂર્વ ખૂણો** : મુખ્ય દરવાજો, જમવાનો ઓરડો, બારી, ફૂવારો લાઈટ, ખાલી સ્થાન.

૩) **અગ્નિખૂણો** : રસોડુ, ઈલેક્ટ્રીક બોર્ડ, ઈલેક્ટ્રીક

૪) **દક્ષિણ ખૂણો** : સુવાનો રૂમ, કોઠાર રૂમ અને વજનદાર વસ્તુ મુકવાનું સ્થાન

૫) **નૈઋત્ય ખૂણો** : ઘરની મુખ્ય વ્યક્તિ (માલીક) ના સુવાનો ઓરડો. લોખંડની તિજોરી, મુલ્યવાન વસ્તુઓ, કોઠાર રૂમના ભોંયતળીયાની સપાટી બીજા રૂમ કરતા ઊંચી હોવી જોઈએ. ભારે વજનવાળી વસ્તુઓ, મોટા દીકરા અથવા દંપતીના સુવાનો ઓરડો.

૬) **પશ્ચિમ ખૂણો** : સુવાનો ઓરડો, વજનવાળી વસ્તુઓ, સ્ટોરરૂમ.

૭) **વાયવ્ય ખૂણો** : બાથરૂમ, મહેમાન કક્ષ, નોકરોને સુવાનો ઓરડો, કુંવારી છોકરીને સુવાનો રૂમ, નાના દીકરાનો સુવાનો રૂમ

૮) **ઉત્તર ખૂણો** : મુખ્ય દરવાજો, દીવાનખંડ, ખૂબ જ વજનદાર વસ્તુ મુકવી નહીં, વધારે સંખ્યામાં દરવાજા અને બારીઓથી સારી ઉર્જાનો સંચાર થાય છે.

## ૨) વાહન પાર્કિંગ (કાર, સ્કુટર, બાઈક વગેરે)





વાહન વાયવ્ય ખૂણામાં પાર્કિંગ કરેલું હોય તો તે વાહન ખૂબ જ સારી રીતે ચાલશે અને વાહન વપરાશ પ્રમાણે સમારકામ ઓછું રહેશે. વાહન અગ્નિ ખૂણામાં પાર્કિંગ કરવામાં આવે તો... તેનો વપરાશ ઓછો થશે અને સમારકામની ખર્ચો વધારે આવશે અને ગમે તે સમયે અને ગમે ત્યા બંધ થઈ જશે. વાહન નૈઋત્ય ખૂણામાં પાર્કિંગ કરવામાં આવે તો વધારેનો દેખાડો કરવા માટે ગાડી ચલાવશે. પોતાનો દેખાડો કરવા માટે બીજાને વાહન ચલાવવા માટે પણ આપશે. પોતાના વાહનની મોટાઈ બતાવી અને પોતાનું વર્ચસ્વ જમાવશે. વાહન ઈશાન ખૂણામાં પાર્કિંગ કરવામાં આવે તો તે વાહનનો વપરાશ ઓછો કરશે. તે વાહનની માવજત (દેખ-રેખ) ખૂબજ કરશે તે વાહનની ખૂબ જ કાળજી રાખશે છતાં તે વાહન ચલાવી નહીં શકે.

**DR NIILESH N SHAH**
Ph.D. DSC (VAASTU VIGYAN)

**SUNDAR VAASTU**®
AN ISO 9001 : 2015 CERTIFIED ORGANIZATION

+91- 98211 48571 | www.sundarvaastu.com
sundar_vaastu | sundarvaastu@gmail.com / drnilesh@sundarvaastu.com

## શ્રી સમસ્ત પરજીયા સોની મહાજન સેવા ટ્રસ્ટ

**તા. ૦૧–૦૬–૨૦૨૬ થી ૩૦–૦૬–૨૦૨૬ આવેલ ભેટની યાદી**

### 'મેડિકલ સહાય ફંડ'

૨૧,૦૦૦/- મધુબેન વિનોદરાય ધકાણ-ગઢડાવાળા તથા કાંતાબેન નરોત્તમદાસ સાગર - તળાજાવાળા તરફથી વીરડી (હાલ કાંદિવલી) સ્વ. મગનલાલ દેવરાજભાઈ સતિકુંવરના દોઈત્તર નિમિત્તે દવા સહાયમાં ભેટ અર્પણ.

૫,૦૦૦/- ગળીયાણા (લીલાપુર) હાલ બોરીવલી તરૂણભાઈ હમીરભાઈ સોલંકી (સલ્લા) તરફથી અ.સૌ. મીતાબેન સોલંકીની તા. ૨૨-૦૬-૨૦૨૬ના રોજ ઉત્તરક્રિયા પ્રસંગે દવા સહાયમાં ભેટ.

૨,૧૦૦/- શોભાવડલાવાળા (હાલ દહિસર) સોની જીગ્નેશભાઈ વસંતભાઈ ધકાણના માતુશ્રી સોની શારદાબેન વસંતભાઈ ધકાણ શ્રીજી ચરણ પામતાં ઉત્તરક્રિયા નિમિત્તે દવા સહાયમાં ભેટ અર્પણ.

૨,૦૦૦/- દેરડીકુંભાજી (હાલ બોરીવલી) ગિરીશભાઈ રામજીભાઈ સાગર તરફથી સ્વ. જયાબેન રામજીભાઈ સાગરની પુણ્યતિથી નિમિત્તે દવા સહાયમાં ભેટ અર્પણ.

૧,૧૦૦/- વીરડી (હાલ કાંદિવલી) સ્વ. મગનભાઈ દેવરાજભાઈ સતિકુંવર તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૧,૧૦૦/- બાબરા (હાલ બોરીવલી) ભરતભાઈ આત્મારામભાઈ જગડા તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૧,૧૦૦/- કાત્રોડી (હાલ વસઈ) મનસુખભાઈ રામજીભાઈ ઝવેરી તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૧,૧૦૦/- નાગેશ્રી (હાલ કાંદિવલી) નિવાસી નિલેશભાઈ અમૃતલાલ સતિકુંવર તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૧,૧૦૦/- ભીંગરાડ (હાલ બોરીવલી) કાંતિભાઈ વિઠ્ઠલભાઈ થડેશ્વર તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૧,૧૦૦/- વાઘનગર (હાલ બોરીવલી) રતીભાઈ મોહનભાઈ પટ્ટ તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૧,૧૦૦/- ડેડાણ (હાલ કાંદિવલી) દિનેશભાઈ કાંતીભાઈ સતિકુંવર તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૧,૧૦૦/- મહુવા (હાલ બોરીવલી) દીપકભાઈ કાંતીભાઈ ધાણક તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૧,૧૦૦/- ખાંભા (હાલ કાંદિવલી) નિલેશભાઈ હીંમતભાઈ ધકાણ તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૧,૧૦૦/- ઘુઘરાળા (હાલ બોરીવલી) જયંતિભાઈ માણસુરભાઈ થડેશ્વર તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૧,૧૦૦/- હામાપર (હાલ સાંતાક્રુઝ) વલ્લભભાઈ મગનભાઈ ધોરડા તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

## શ્રી સમસ્ત પરજીયા સોની મહાજન સેવા ટ્રસ્ટ

૧,૧૦૦/- ગારીયાધાર (હાલ દહિસર) અશોકભાઈ પ્રતાપભાઈ ધકાણ તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- લીલાપુર (હાલ બોરીવલી) ભરતભાઈ હમીરભાઈ સોલંકી તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- કુકાવાવ (હાલ કાંદિવલી) જેન્તીભાઈ પ્રભુદાસભાઈ થડેશ્વર તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- દ્વારકા (હાલ દહિસર) કમલેશભાઈ કાળીદાસભાઈ ઘઘડા તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- ગુંદાળા (હાલ દહિસર) જયેશભાઈ બાબુભાઈ ધાણક તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- સતાપર (હાલ દહિસર) અશોકભાઈ નાથાભાઈ ધાણક તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- રાજુલા (હાલ કાંદિવલી) હીતેશભાઈ બાબુભાઈ ધાણક તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- ધારગણી (હાલ કાંદિવલી) સુરેશભાઈ દુર્લભજીભાઈ લુહાર તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- બગદાણા (હાલ મલાડ) નિલેશભાઈ હરેશભાઈ સાગર તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- કોડીનાર (હાલ દહિસર) સમીરભાઈ ઈશ્વરભાઈ સાગર તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- વેરાવળ (હાલ કાંદિવલી) ધર્મેશભાઈ રજનીભાઈ વાયા તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- હળન્ડા (હાલ દહિસર) દિનેશભાઈ અને રાજુભાઈ ચલ્લા તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- ગઢડા (હાલ બોરીવલી) દીલીપભાઈ વૃજલાલ ધકાણ તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- ચાવંડ (હાલ કાંદિવલી) દીલેશભાઈ કરસનભાઈ થડેશ્વર તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- પાંચવડા (હાલ કાંદિવલી) ભાસ્કરભાઈ કાંતિભાઈ થડેશ્વર તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- ભગેડી (હાલ કાંદિવલી) નિલેશભાઈ રતીભાઈ કતીરા તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- પરવડી (હાલ કાંદિવલી) ચંદુભાઈ ગોવિંદભાઈ જગડા તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- દાઠા (હાલ કાંદિવલી) સંજયભાઈ જીવણભાઈ સુરૂ તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- ગઢડા (હાલ બોરીવલી) ભાસ્કરભાઈ માધવજીભાઈ ધકાણ તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- સાવર (હાલ કાંદિવલી) પ્રેમજીભાઈ કાંતિભાઈ સાગર તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

*જે સમાજની માન્યતાઓ અને નિયમો બીજાને હિનતાનો અનુભવ કરાવે છે*
*એ સમાજ પોતે જ હીન છે. - ધ્રુવ ભટ્ટ*

૫૦૦/- ચાવંડ (હાલ બોરીવલી) ધર્મેશભાઈ દામોદરભાઈ થડેશ્વર તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- ચાવંડ (હાલ બોરીવલી) વીમલભાઈ કરસનભાઈ થડેશ્વર તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- ગઢડા (હાલ કાંદિવલી) વિનોદરાય મોહનભાઈ ધકાણ તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- ભાતેલ (હાલ કાંદિવલી) કાંતીભાઈ ખીમજીભાઈ વાયા તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- રાજુલા (હાલ કાંદિવલી) રમેશભાઈ નટવરલાલ જીણાદ્રા તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- ઠળીયા (હાલ દહિસર) રાજુભાઈ કનૈયાલાલ થડેશ્વર તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- ખોખરી (હાલ કાંદિવલી) ચેતનભાઈ મટુમલભાઈ ધકાણ તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- ડેડાણ (હાલ કાંદિવલી) દીલીપભાઈ હરદાસભાઈ સતિકુંવર તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- મોટા દડવા (હાલ બોરીવલી) મનસુખભાઈ સામંતભાઈ ચલ્લા તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- જાળીયા (હાલ દહિસર) પ્રકાશભાઈ પટ્ટણી તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- સાવરકુંડલા (હાલ દહિસર) રમેશભાઈ પરસોત્તમભાઈ સતિકુંવર તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- લુણીધાર (હાલ દહિસર) જયેશભાઈ હરીભાઈ ધકાણ તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- લુણીધાર (હાલ દહિસર) નિતીનભાઈ હરીભાઈ ધકાણ તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

૫૦૦/- હામાપર (હાલ કાંદિવલી) હીતેશભાઈ કાન્તીભાઈ ધોરડા તરફથી દવા સહાયમાં ભેટ અર્પણ.

★ ★ ★ ★ ★




N. H. Beauty Saloon

Beautician : Rakhee Hitesh Satikuvar

✆ 99309 09411 / 79773 34312

Specialist in Bridal Make-up & Siders

Add.: 401/4th, Shanti Sadan, Dadabhai Road,
Vile Parle (West), Mumbai-400056.

# શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી

## તા. ૦૧–૦૬–૨૦૨૬ થી ૩૦–૦૬–૨૦૨૬ આવેલ ભેટની યાદી

### શ્રીમતી મધુબેન હરીભાઈ ધકાણ (દુબઈ)

### ‘એજ્યુકેશન ફંડ’

૧૧,૦૦૦/- મૂળ મહુવાવાળા (હાલ કાંદિવલી) સ્વ. દોલતરાય છગનલાલ હિરાણી (ધકાણ)ના પુણ્ય સ્મારણાર્થે તેમના ધર્મપત્ની ગં.સ્વ. લલીતાબેન દોલતરાય હીરાણી તથા તેમના સુપુત્રો હિમાંશુભાઈ અને ગોતમભાઈ તરફથી એજ્યુકેશન ફંડમાં અર્પણ.

૧૧,૦૦૦/- મૂળ જામકાવાળા (હાલ કાંદિવલી) નિવાસી સોની જયંતિલાલ ઘુસાભાઈ ધકાણના ધર્મપત્ની અ.સૌ. સ્વ. નયનાબેન જયંતિલાલ ધકાણની ઉત્તરક્રિયા નિમિત્તે સોનીવાડી સંસ્થામાં એજ્યુકેશન ફંડમાં અર્પણ.

૧૧,૦૦૦/- મૂળ જામકાવાળા (હાલ કાંદિવલી) નિવાસી સોની જયંતિલાલ ઘુસાભાઈ ધકાણના ધર્મપત્ની અ.સૌ. સ્વ. નયનાબેન જયંતિલાલ ધકાણની ઉત્તરક્રિયા નિમિત્તે સોનીવાડી સંસ્થામાં એજ્યુકેશન ફંડમાં અર્પણ.

૨,૧૦૦/- મૂળ દેરડી કુંભાજી (હાલ બોરીવલી) નિવાસી સોની ગીરીશભાઈ રામજીભાઈ સાગરના માતૃશ્રી સ્વ. જયાબેન રામજીભાઈ સાગરની પુણ્યતિથી નિમિત્તે એજ્યુકેશન ફંડમાં અર્પણ.

૧,૧૦૦/- મૂળ તળાજાવાળા સોની નરોત્તમભાઈ હમીરભાઈ સાગર શ્રીજી ચરણ પામતા સોનીવાડી સંસ્થામાં એજ્યુકેશન ફંડમાં અર્પણ.

૫૦૦/- મૂળ લાખણકાવાળા (હાલ કાંદિવલી) નિવાસી સોની હિંમતલાલ આત્મારામ ધકાણ તરફથી સ્વ. સોની આત્મારામ રામજીભાઈ ધકાણ તથા સ્વ. રાધાબેન આત્મારામ ધકાણના સ્મરણાર્થે એજ્યુકેશન ફંડમાં અર્પણ.

### સ્વ. રતીલાલ કરશનભાઈ ધકાણ– સરસઈવાળા (દુબઈ)

### ‘મેડિકલ આર્થિક સહાય ફંડ’

૧૧,૦૦૦/- મૂળ મહુવાવાળા (હાલ કાંદિવલી) સ્વ. દોલતરાય છગનલાલ હિરણી (ધકાણ)ના પુણ્ય સ્મારણાર્થે તેમના ધર્મપત્ની ગં.સ્વ. લલીતાબેન દોલતરાય હીરાણી તથા તેમના સુપુત્રો હિમાંશુભાઈ અને ગોતમભાઈ તરફથી અર્પણ.

૧૧,૦૦૦/- મૂળ જામકાવાળા (હાલ કાંદિવલી) નિવાસી સોની જયંતિલાલ ઘુસાભાઈ ધકાણના ધર્મપત્ની અ.સૌ. સ્વ. નયનાબેન જયંતિલાલ ધકાણની ઉત્તરક્રિયા નિમિત્તે અર્પણ.

૫,૫૫૫/- મૂળ ડેડાણ હાલ કાંદિવલી હર્ષાબેન ગોતમકુમાર સલ્લા તરફથી પિતાશ્રી સ્વ. દોલતરાય છગનલાલ હિરાણી (ધકાણ) ના દોહિતર નિમિત્તે અર્પણ.

૫,૫૫૫/- મૂળ ભાવનગર (હાલ ગોરેગાંવ) રેણુકાબેન નિલેશકુમાર થડેશ્વર તરફથી પિતાશ્રી સ્વ. દોલતરાય છગનલાલ હિરાણી (ધકાણ) ના દોહિતર નિમિત્તે અર્પણ.

૫,૦૦૦/- મૂળ ગાધકડા (હાલ સાવરકુંડલા) સ્વ.

*"તમારી જાતને બોલતા સાંભળીને તમે ખરેખર ઘણું શીખી શકતા નથી."*

સોની હસમુખભાઈ બચુભાઈ ભીમભાઈ ધાણકના પૂણ્ય સ્મરણાર્થે મેડિકલ આર્થિક સહાય ફંડમાં અર્પણ (હ.: વિનોદભાઈ બચુભાઈ ધાણક) બચુભાઈ એન્ડ સન્સ

**'મેડિકલ સહાય ફંડ'**

૧૧,૦૦૦/- મૂળ મહુવાવાળા (હાલ કાંદિવલી) સ્વ. દોલતરાય છગનલાલ હિરાણી (ધકાણ)ના પુણ્ય સ્મારણાર્થે તેમના ધર્મપત્ની ગં.સ્વ. લલીતાબેન દોલતરાય હીરાણી તથા તેમના સુપુત્રો હિમાંશુભાઈ અને ગોતમભાઈ તરફથી અર્પણ.

૧૧,૦૦૦/- મૂળ જામકાવાળા (હાલ કાંદિવલી) નિવાસી સોની જયંતિલાલ ઘુસાભાઈ ધકાણના ધર્મપત્ની અ.સૌ. સ્વ. નયનાબેન જયંતિલાલ ધકાણની ઉત્તરક્રિયા નિમિત્તે અર્પણ.

**સ્વ. સોની મગનભાઈ કાનજીભાઈ જીણાદ્રા**

**(રાજુલાવાળા)**

**સ્વ. સોની ડાહીબેન મગનભાઈ જીણાદ્રા**

**'નેત્રબિંદુ ઓપરેશન સહાય ફંડ'**

૧૧,૦૦૦/- મૂળ મહુવાવાળા (હાલ કાંદિવલી) સ્વ. દોલતરાય છગનલાલ હિરાણી (ધકાણ)ના પુણ્ય સ્મારણાર્થે તેમના ધર્મપત્ની ગં.સ્વ. લલીતાબેન દોલતરાય હીરાણી તથા તેમના સુપુત્રો હિમાંશુભાઈ અને ગોતમભાઈ તરફથી નેત્રબિંદુ સહાય ફંડમાં અર્પણ.




# ગોર શ્રી ભરતભાઈ ડી. ભટ્ટ

**(પરજીયા સોનીના એક માત્ર કુળગોર)**

**દરેક પ્રકારનું ધાર્મિક કામ કરાવનાર તથા જ્ઞાતિના સંતાનો માટે યોગ્ય સ્થાન બતાવનાર અને જ્યોતીષનું માર્ગદર્શન**

૧૦, કૃષ્ણ ભુવન, જે. એમ. રોડ, ભાંડુપ (વે), મુંબઈ-૪૦૦ ૦૭૮.

**મો.: ૯૮૨૦૧ ૬૪૦૦૭ / ૯૮૯૨૨ ૬૮૬૬૭**

**E-mail : bharatbhatt2549@yahoo.com**

''અર્થી'' જો ''ઉદાર'' હોય, તો ''વ્યાખ્યા'' મા ન પડવુ.


# SONI BANQUET HALL






- અદ્યતન સુવિધાઓ સાથે આપની સેવામાં ઉપલબ્ધ
- બોરીવલી સ્ટેશનથી વોકીંગ ડીસ્ટન્સ
- ૬૦ વર્ષથી લગ્ન પ્રસંગો માટે વિશ્વાસપાત્ર
- ડેકોરેશનની અધ્યતન રેન્જ



એસી હૉલ - ૩૫૦-૪૫૦ મહેમાનો માટે*

શુધ્ધ શાકાહારી*

ઓપન કેટરર્સ*

(* શરતો લાગુ)

'સોનીવાડી' શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ, બોરીવલી (વે), મુંબઈ–૯૨.


ફોન : 2898 3905 / 2899 9097 * મો.: +91-93244 35547 / 93248 35547


Email : sonisandesh1@gmail.com • digipin 4FK-29J-JFM9


## સોનીવાડી-બોરીવલીમાં


# આધુનિક સુવિધા ધરાવતા AC રૂમો











**રહેવાની ઉત્તમ સુવિધા સાથે**

**ડબલ બેડ * ૩ બેડ * ૫ બેડ સહિતની રૂમો ઉપલબ્ધ છે.**

'સોનીવાડી' શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ, બોરીવલી (વે), મુંબઈ–૯૨.

ફોન : 2898 3905 / 2899 9097

મો.: +91-93244 35547 / 93248 35547

Email : sonisandesh1@gmail.com • digipin 4FK-29J-JFM9

*પ્રતિકૂળતા પ્રતિભાને પ્રગટ કરે છે, સમૃદ્ધિ તેને છુપાવે છે.*

# ★ સોની સંદેશ જાહેરાત નવા દર ★

| ✻ એક અંકના જાહેરાત દર ✻ | |
|---|---|
| કલર પેજ | ₹ 3,200/– |
| હાફ કલર પેજ | ₹ 1,800/– |
| બ્લેક એન્ડ વ્હાઈટ ફૂલ પેજ | ₹ 1,800/– |
| બ્લેક એન્ડ વ્હાઈટ હાફ પેજ | ₹ 1,000/– |
| ક્વાર્ટર પેજ | ₹ 600/– |

| ✻ આખા વર્ષના અંકના જાહેરાત દર ✻ | |
|---|---|
| કલર પેજ | ₹ 38,400/– |
| હાફ કલર પેજ | ₹ 21,600/– |
| બ્લેક એન્ડ વ્હાઈટ ફૂલ પેજ | ₹ 21,600/– |
| બ્લેક એન્ડ વ્હાઈટ હાફ પેજ | ₹ 12,000/– |

| ✻ ટચુકડી જાહેરાત ✻ | |
|---|---|
| ૨ વર્ષ | ₹ ૨૫૦/- અંક દીઠ |
| ૧ વર્ષ | ₹ ૩૦૦/- અંક દીઠ |
| ૬ માસ | ₹ ૩૨૫/- અંક દીઠ |

**અર્ધા પેજ કે ક્વાર્ટર પેજની જાહેરાત ફેરફારો ને આધીન રહેશે.***
**જાહેરાતના દરમાં ૧૮% GST અલગથી લાગશે.**

*condition apply.

| Bank Name | FOR DONATION IN INDIA |
|---|---|
| SBI Bank | : Shree Mumbai Upnagar Prajiya Sahakari Society<br>: A/c No. : 67350110697 Borivali (W) Br.<br>IFSC : SBIN0070693 |
| UBI Bank | : A/c No. : 316101010701018 Borivali (W) Br.<br>IFSC : UBIN0531618 |
| Kotak Bank | : A/c No. : 7612109244 Borivali (W) Br.<br>IFSC : KKBK0001357 |

જે પણ જ્ઞાતિજનો અને દાતાશ્રીઓને 'શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી' સંસ્થાને ખુશીભેટ, દાન કે ફાળો આપવો હોય તેઓ સંસ્થાના QR Code સ્કેન કરી રકમ સંસ્થાને મોકલી શકે છે.

# ભાવભરી શ્રદ્ધાંજલિ



## અ.સૌ. સ્વ. નયનાબેન જયંતીભાઈ ધકાણ

**જામકાવાળા (હાલ બોરીવલી)**

**જન્મ : તા. ૧૯–૦૧–૧૯૫૫ * શ્રીજી ચરણ : તા. ૧૫–૦૬–૨૦૨૬**

*** પ્રેમાળ સ્મૃતિમાં ***

**પુત્ર–પુત્રવધૂ :**
રીતેશ જયંતીભાઈ ધકાણ
અ.સૌ. સ્વાતી રીતેશ ધકાણ

**પૌત્રી :**
નીરવી રીતેશ ધકાણ

**દિકરીઓ :**
હિના જયંતીભાઈ ધકાણ
ધરણી જયંતીભાઈ ધકાણ

**દોહિત્ર :**
કુણાલ હિના ધકાણ

જામકાવાળા
ધકાણ પરિવારના
જય શ્રીકૃષ્ણ

PARAJIA SONI SANDESH (Monthly) • JULY 2026 • R.N.I. No.: MAHGUJ/2008/26726
Patrika Channel Sorting Office: Mumbai - 400 001 on 20th of every month • Date of Publication & Posting of every month

॥ જય શ્રી મોંમાઈ મા ॥

# 'પરજિયા સોની સંદેશ' નિભાવ ફંડના સહયોગી દાતા







## સ્વ. બાબુભાઈ ઘુસાભાઈ ધકાણ
## સ્વ. ધનકુંવરબેન બાબુભાઈ ધકાણ

(જામકાવાળા)ના પુણ્ય સ્મરણાર્થે



★ હસ્તે ★

**શ્રી મહેન્દ્રભાઈ બાબુભાઈ ધકાણ**

જામકાવાળા (હાલ દુબઈ)

From :

**શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટી**

સંચાલિત

**પરજિયા સોની સંદેશ**

શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ,
બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૯૨.
ફોન : ૨૮૯૮ ૩૯૦૫/૨૮૯૯ ૯૦૯૭

To,